એ.એમ.પટેલ સેકન્ડરી ઈંગ્લીશ સ્કુલ ગણપત યુનિવર્સીટી ખાતે GCERT પ્રેરિત જીલ્લા શિક્ષણ અને તાલીમભવન, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી તેમજ જીલ્લા શિક્ષણાધિકારી કચેરી, મહેસાણા દ્વારા સાંદિપની શાળા વિકાસ સંકુલ કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન ૨૦૨૨ યોજાઈ ગયું. ઉપરોક્ત પ્રદર્શનમાં વિવિધ પાંચ વિભાગો અંતર્ગત અલગ-અલગ થીમ આધારિત કૃતિઓ પ્રદર્શિત થયેલ જેમાં માહિતી અને પ્રત્યાયન, ઈકોફ્રેન્ડલી સામગ્રી,પર્યાવરણ સંબંધિત ચિંતા,સ્વાસ્થ્ય અને સ્વચ્છતા, વર્તમાન નાવિન્ય દ્વારા ઐતિહાસિક વિકાસ, પરિવહન અને નાવિન્ય, વિગેરેનો સમાવેશ થાય છે. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન ગણપત યુનિવર્સીટીના પ્રેસીડન્ટ અને પેટ્રન ઈન ચીફ પદ્મશ્રી ડો.ગણપતભાઈ પટેલ (દાદા) ના વરદ હસ્તે શિક્ષણાધિકારી કચેરીના અધિકારીઓ તેમજ શાળા સંચાલક મંડળની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

લોહ બોલો... પ્રાંતિજ પાલિકાના બન્ને ફાયર ફાયટર બંધ હાલતમાં

મોટુ ફાયર છેલ્લા દોડ વર્ષથી હિંમતનગર ગેરેજમા છે તો નાનુ ફાયટર છેલ્લા બે મહિનાથી ગાંધીનગર ખાતે રીપેરીંગમા છે

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે નગરપાલિકા મા બે ફાયર હોવાછતાંય બન્ને ફાયર બંધ હાલતમા છે તો બીજુબાજુ ફાયર માટે લાખ્ખો રૂપિયા ના ખર્ચે ઉભુ કરવામા આવેલ ફાયર સ્ટેશન પણ વગર ઉદ્ઘાટને હાલતો ધુળ ખાય છે અને ગંદકી થી ખદબદી ઉઠયુ છે. પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગર પાલિકા જાણે અગ્નિ વાહનો ને લઈ ને ગોરનિદ્રા મા હોય તેવુ સ્પષ્ટ પણે લાગી રહ્યુ છે અને પ્રાંતિજ સહિત તાલુકામા કોઇ પણ જગ્યાએ આગ લાગતા તલોદ-હિંમતનગર થી ફાયર ફાયટર બોલાવવામા આવે છે ત્યારે પ્રાંતિજ પાલિકા પાસે બબ્બે ફાયર ફાયટર હોવાછતાંય પ્રાંતિજ તથા તાલુકામા લોકો માટે ઉપયોગ આવી શકતા નથી મોટુ ફાયર ફાયટર છેલ્લા દોડ વર્ષ થી હિંમતનગર ખાતે આવેલ ગેરેજ મા ધુળ ખાય છે અને નાનુ ફાયટર પણ છેલ્લા બે મહિનાઓથી ગાંધીનગર ખાતે ગેરેજ મા રીપેરીંગ માટે પડયુ છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકા મા આગ લાગે છેતો તલોદ અને હિંમતનગર નુ ફાયર ફાયટર બોલાવવાનો વારો આવેછે ત્યારે બીજી બાજુ પ્રાંતિજ પાલિકા દ્વારા લાખ્ખો રૂપિયા ખર્ચે તૈયાર થયેલ ફાયર સ્ટેશન પણ વગર ઓપનિંગે ધુળ ખાઈ રહ્યુ છે અને તેમા રખડતા ઢોર સહિત ગાય-કૂતરાઓ સહિત અસાજીક તત્વો હાલતો આસરો લઈ રહ્યા છે ત્યારે પ્રાંતિજ પાલિકા પાસે બબ્બે ફાયર ફાયટર હોવા છતાંય પ્રાંતિજ સહિત તાલુકા મા આગ લાગતા હિંમતનગર-તલોદ ઉપર આશા રાખવી પડે છે.

સરકારના પરીપત્ર બાદ આચાર્યો, શાળા સંચાલકોમાં ચિંતા

જિલ્લાની ૨૪૦૦ શાળાઓમાં ધો.૧ ના વર્ગો ૮૦ ટકા ખાલી રહેવાની આશંકા

પૂરતી સંખ્યા સાથે ધો.૧ના વર્ગો ચલાવવા મુશ્કેલ બનશે

બાયડ, તા.૨૫

ધો.૧માં પ્રવેશ માટે સરકાર વર્ષની ઉંમરનો પરીપત્ર ૨૦૨૩ના શૈક્ષણિક વર્ષથી અમલ કરવા જઈ રહી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તેના અમલથી ૨૪૨ ૬ શાળાઓમાં ધો.૧ ના વર્ગો ૮૦ ટકા ખાલી રહેવાની આશંકા છે. સરકારના પરીપત્ર પછી આચાર્યો અને શાળા સંચાલકોની ચિંતા વધી છે કેમ કે પૂરતી સંખ્યા સાથે ધો.૧ ના વર્ગો ચલાવવા માટે મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ શકે છે. પરીપત્રના અમલ બાદ ૨૦૨૩માં ધો.૧ માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો થવાની સંભાવના અનેક શાળા- આચાર્યોએ વ્યક્ત કરી છે.

રાજ્ય સરકાર દ્વારા પહેલા ધોરણમાં પ્રવેશ માટે ૬ વર્ષની ઉંમરના પરીપત્રનો ૨૦૨૩ના શૈક્ષણિક વર્ષથી અમલ કરવાનું નક્કી કરાયું જેને લઈને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં તેની માઠી અસર થવાની દહેશત ઉભી થઈ છે. ૬ વર્ષથી ઓછી વય હશે તો શાળાઓ ઓનલાઈન એન્ટ્રી કરી નહીં શકે તેમજ સરકાર આ પરીપત્રનો અમલ કરાવવા માટે વળગી રહી તો વાલીઓએ પોતાના બાળકોને ૧ વર્ષ માટે ઘરે રાખવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ શકે છે. ધો.૧માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૦૨૩ના શૈક્ષણિક વર્ષમાં ૮૦ ટકા સુધીનો ઘટાડો થવાની દહેશત ઉભી થઈ છે. જિલ્લાની એક શાળાના આચાર્યએ નામ ન આપવાની સાથે જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયથી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ધો.૧ માં ૨ થી ૪ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે તેમ હોવાથી વર્ગો ચલાવવા માટે મુશ્કેલ સ્થિતિ ઉભી થવાની છે. સરકારના નિર્ણયથી એક રીતે ખાનગી સ્કુલોને ફાયદો થશે. કારણ કે જે બાળકની વય ૬ વર્ષની નહીં થતી હોય તેમને વાલીઓ ઘરે બેસાડી નહીં રાખે અને ખાનગી સ્કુલોમાં ભણવા મુકશે. સરકારના પરીપત્રની અસર અંગ્રેજી માધ્યમ કરતાં ગુજરાતી માધ્યમની શાળાઓને વધારે થવાની સંભાવના શિક્ષણ તજજ્ઞોએ વ્યક્ત કરી છે. ટૂંકમાં ૨૦૨૦માં પરીપત્રનો વિચાર કર્યા વગર જે શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હશે તે શાળાઓ અદ્ધર હાથ કરી દે તો નવાઈ નહીં હોય. સાબરકાંઠામાં ૧૧૮૮ અને અરવલ્લી જિલ્લામાં ૧૨૩૮ શાળાઓ આવેલી છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી ગ્રાન્ટેડ શાળાઓની મુશ્કેલી સરકારના પરીપત્રથી વધી શકે છે. અગાઉથી શાળાઓ મુશ્કેલીમાં મૂકાયેલી છે ત્યાં હવે સરકારના પરીપત્રથી આવી શાળાઓમાં ધો.૧ ના પ્રવેશમાં ધરખમ ઘટાડો થાય તેમ હોવાથી સરકારે ગ્રામ્ય વિસ્તારોને ધ્યાનમાં રાખી ફરી વિચારણા કરવાની જરુરીયાત ઉભી થઈ છે.

પ્રાંતિજના દલપુરના યુવાન સાથે છેતરપીંડી

ઓનલાઈન ઓરિજિનલ ડોક્યુમેન્ટ લઈ યુવાનના નામે કેડીટ લાઈનની લોન લીધી

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના દલપુર ના યુવાન સાથે પેન્સિલ પેકિંગ ધંધા ને લઈ ને ઓનલાઈન છેતરપીંડી યુવાન પાસે થી ઓનલાઈન ડોક્યુમેન્ટ મંગાવી કેડીટ લાઈન ની લોન લઈ લીધી. પ્રાંતિજ ના દલપુર ખાતે રહેતો યુવાન ચૌહાણ અનિલકુમાર જૈનાજી કે જેવો ઓછુ ભણેલ હોય અને તે ધંધો કરવા માંગતા હતા જયારે તેવો તેવોના મિત્ર બન્ને જણ ધંધો કરવા માંગતા હતા જે દરમ્યાન તેના મિત્ર ના ફેસબુક ઉપર ઓનલાઈન બોક્સ પેકિંગ કંપની કીજે સુપર અમિત - સેહલ નો કોન્ટેક્ટ સાત મહિના પહેલા તા.૨૧।૬।૨૦૨૧ ના રોજ ઓનલાઈન સંપર્ક થયો હતો અને તે દરમ્યાન તેવો પાસે થી ઓનલાઈન આધારકાર્ડ , ફોટો સહિત ના ઓરિજિનલ ડોક્યુમેન્ટ લઈ લીધા હતા અને ત્યારબાદ કોઈ સંપર્ક થયો ન હતો અને ૨૧।૧૨।૨૦૨૨ ના રોજ સાત મહિના બાદ ચૌહાણ અનિલકુમાર જૈનાજી ને ત્યાં હિંમતનગર મોતીપુરા ખાતે આવેલ ઈન્ડિયન બુલ્સ ધ્વનિ ફાયનાન્સ માંથી માણસ આવ્યો હતો અને તમે ૧૨૦૦૦ ની કેડીટ લાઈન ની લોન લીધી છે તે બાબતે પૈસા લેવા આવ્યો છુ તેવુ કહેતા યુવાન ના પગ નીચે થી જમીન ખસી ગઈ હતી અને યુવાન ચૌકી ઉઠયો હતો અને કયુ કે આવી કોઈ મે લોન કે લોન લેવા ડોક્યુમેન્ટ આપ્યા નથી ત્યારે યુવાન ને ખબર પડીકે સાત મહિના પહેલા તેને અને તેના મિત્ર એ ફેસબુક ઓનલાઈન પેકિંગ કંપની કીજે સુપર અમિત સેહલ નો કોન્ટેક્ટ સાત મહિના પહેલા ઓનલાઈન ડોક્યુમેન્ટ લીધા હતા અને ત્યારબાદ યુવાન ના નામે કેડીટ લાઈન ની ૧૨૦૦૦ ની લોન લીધી હતી ત્યારે યુવાન દ્વારા પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાની જાણ થતા યુવાન દ્વારા પ્રાંતિજ પોલીસ ને આ અંગેની જાણ કરવામા આવી હતી ત્યારે હાલતો યંત્ર યુગ મા કયા લઈ જશે ત્યારે હાલતો ઓનલાઈન સુવિધાઓ ભારે પડી રહી છે અને ઓનલાઈન છેતરપીંડી મા વધારા થઈ રહ્યા છે ત્યારે આ યુવાન પાસે પૈસા ના હોવાથી મોબાઈલ પણ આજ દીન ખરીદી કરેલ નથી અને મિત્ર ના મોબાઈલ ઉપર થી ફેસબુક ઉપર રહેલ ઓનલાઈન અરજી બાદ આધાર કાર્ડ સહિત ના ડોક્યુમેન્ટ જમા કરાવ્યા ત્યારે ઓનલાઈન નો દુર ઉપયોગ થતા અનિલકુમાર ચૌહાણ જેવા અનેક યુવાનો સહિત લોકો ને ઓનલાઈન ડોક્યુમેન્ટ આપ્યા બાદ તેવો સાથે છેતરપીંડી થતી હોય છે અને તેવો ભોગ બનતા હોય છે

સુશાસન દિવસને લઈને રાજ્ય સરકારે શ્રેષ્ઠ કલેક્ટર અને DDOને સન્માનિત કર્યા

૨૦૧૭-૧૮ માં શ્રેષ્ઠ કામગીરી માટે અરવલ્લીને અવોર્ડ

મોડાસા,તા. ૨૫

પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા ગૂડ ગવર્નન્સ ડે ની ઉજવણી કરવામાં આવતી હોય છે ત્યારે રાજ્ય સરકારે બેસ્ટ કલેક્ટર અને બેસ્ટ ડીડીઓને સારી કામગીરી બદલ સન્માનિત કર્યા હતા, જેમાં શહેરી, નવ રચિત જિલ્લા, આદિજાતી તેમજ અન્ય જિલ્લાઓને આવરી લેવાયા હતા. આ કેટેગરીમાં નવ રચિત જિલ્લાને પણ સ્થાન મળ્યું હતું. વર્ષ ૨૦૧૭-૧૮માં અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી તરીકે સારી કામગીરી બદલ સ્તુતી ચરણને બેસ્ટ ડીડીઓને અવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શહેરી, આદિજાતી, નવ રચિત અને અન્ય જિલ્લા એમ કુલ ચાર કેટેગરીમાં શ્રેષ્ઠ કલેક્ટર અને ડીડીઓને અવોર્ડથી સન્માનિત કરાયા હતા, જેમાં જિલ્લાના વિકાસ માટે રૂપિા ૪૦ લાખ રૂપિયાના ચેકનું ઈનામ પણ આપવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૭-૧૮ માટે શ્રેષ્ઠ કલેક્ટર

શહેરી જિલ્લો – જુનાગઢ, ડો. રાહુલ ગુપ્તા
નવરચિત જિલ્લો – બોટાદ – સુજિત કુમાર
આદિજાતી જિલ્લો – સાબરકાંઠા, પી.સ્વરૂપ
અન્ય જિલ્લો – ભરૂચ, સંદીપ સાંગલે

વર્ષ ૨૦૧૭-૧૮ માટે શ્રેષ્ઠ જિલ્લા વિકાસ અધિકારી

શહેરી – જુનાગઢ, અજય પ્રકાશ
નવ રચિત – અરવલ્લી, સ્તુતી ચરણ
આદિજાતી જિલ્લો – ડાંગ, એચ.કે. વઢવાણિયા
અન્ય જિલ્લો – મહેસાણા, એમ.વાય.દક્ષિણી

વર્ષ ૨૦૧૮-૧૯ માટે શ્રેષ્ઠ કલેક્ટર

નવરચિત – ગીર સોમનાથ, અજય પ્રકાશ
શહેરી – જુનાગઢ, ડો.સૌરભ પારધી
આદિજાતી – વલસાડ, સી.આર.ખર્સણ
અન્ય – પોરબંદર, એન.એ.પંડ્યા

વર્ષ ૨૦૧૮-૧૯ માટે શ્રેષ્ઠ ડીડીઓ

શહેરી – અમદાવાદ, અરૂણ મહેશ બાબુ
નવરચિત – મહિસાગર, અરવિંદ વી.
આદિજાતી – નર્મદા, જિન્સી વિલિયમ

પ્રાંતિજ હિંમતનગર ના ધારાસભ્ય દ્વારા અટલબિહારી વાજપેયી ને પુષ્પાંજલી અર્પણ કરાઇ તલોદ તા ૨૫ સુશાસન દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના કરોડો કાર્યકર્તાઓના પ્રેરણા સ્ત્રોત અને પથ દર્શક, પ્રખર રાજનેતા, ભારત રત્ન, પૂર્વ પ્રધાનમંત્રી પરમ આદરણીય શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજીને પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર અને હિંમતનગરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ ઝાલા દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ડીસાના અજાપુરા પાસે વધુ ૬ દુકાનમાં ચોરી : તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ

ડીસા, તા. ૨૫

ડીસામાં ચોરીઓનો સિલસિલો યથાવત રહેતા તસ્કર રાજ જેવી સ્થિતિ સર્જાઇ છે. આજે અજાપુરા પાસે વધુ ૬ દુકાનોના તાળા તોડી અજાણ્યા તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા છે. જે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ જતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ડીસામાં તસ્કરો હવે શહેર બાદ ગ્રામીણ વિસ્તારને ટાર્ગેટ કરી રહ્યા છે. અત્યાર સુધી શહેરમાં ચોરી કર્યા બાદ હવે આજે અજાપુરા ગામ પાસે આવેલા શોપિંગ સેન્ટરમાં ૬ દુકાનોના શટરના તાળા તોડી ચોરી કરી ગયા છે. મોડી રાત્રે બાપા સદારામ એગ્રો સેન્ટર, શ્રીરામ એગ્રો સેન્ટર, શ્રી બાળાગૌરી એન્ટરપ્રાઇઝ, ગુરુ સીડ્સ, નીલકંઠ પાર્લર અને ઓમ બ્રિજ સર્વિસ નામની દુકાનોમાંથી તસ્કરો

રોકડ સહિત માલસામાનની ચોરી કરી ગયા હતા. વહેલી સવારે ઘટનાની જાણ થતા જ દુકાન માલિકોએ જાણ કરતા પોલીસ પણ બનાવ સ્થળે પહોંચી હતી. તેમજ ચોરી કરનારા શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા ડીસા તાલુકા પોલીસે ચોરોની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે કાતિલ ઠંડી વચ્ચે છેલ્લા ૧૦ દિવસથી ડીસા પંથકમાં સતત ચોરીઓની ઘટનાઓનો સિલસિલો ચાલુ છે. જેથી ડીસામાં તસ્કર રાજ જેવી સ્થિતિ સર્જાતા પોલીસની કામગીરી સામે પણ વેપારીઓ સવાલ ઉઠાવી રહ્યા છે.

છાપી ખાતે આવેલ શારદાશિષ હાઈસ્કૂલમાં રમતોત્સવનું ભવ્ય આયોજન થયું

પાલનપુર તા.૨૫

વડગામ તાલુકા ના છાપી ખાતે આવેલ શારદાશિષ હાઈસ્કૂલ છાપી માં રમતોત્સવ નું આયોજન વડગામ કેળવણી મંડળ ના પ્રમુખ દેવલભાઈ ઝવેરી ના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં મંડળ ના ટ્રસ્ટી પંકજભાઈ દોશી, જગદીશભાઈ મહેતા, છગનભાઈ મહેશ્વરી, ગોવિંદભાઈ મોદી, સુરેશભાઈ અગ્રવાલ, અબુબકકરભાઇ પટેલ તેમજ બાબુજી રાજપૂત સહિત ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત શાળાના આચાર્ય મયુરભાઈ જોશી અને શાળા પરિવાર વતી કરવામાં આવ્યું હતુ. રમતોત્સવ ની શરૂઆત મશાલ પ્રજ્વલિત કરવા સાથે આનંદ ઉમંગ ભર્યા વાતાવરણ માં ફટાકડા ની આતશબાજી સાથે કરવામાં આવ્યો હતો. રમતોત્સવ માં શાળા માં ધોરણ -૧ થી ૯ માં અભ્યાસ કરતા ૫૦૦ જેટલા છાત્રાઓ એ ભાગ લીધો હતો. જેમાં કબડ્ડી, સ્લો સાયકલિંગ, રસ્સાખેચ, કોથળા દોડ, ફુગ્ગા ફોડ જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ નું આયોજન શાળા પરિવાર દ્વારા ખૂબ સુચારવું સુંદર અને સમયબદ્ધ કરવા બદલ મંડળના ટ્રસ્ટીઓ દ્વારા શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

પાલનપુર ખાતેમાં અર્બુદા રજત મહોત્સવ નિમિત્તે ૧૦૮ કુંડી સહસ્ત્રચંડી મહાયજ્ઞ યોજાશે

પાલનપુર તા. ૨૫

બનાસકાંઠા જિલ્લાના સમસ્ત ચૌધરી સમાજ દ્વારા પાલનપુર નજીક આવેલ લાલાવાડા ખાતે ત્રી-દિવસીય "માં અર્બુદા" રજત મહોત્સવ અને ૧૦૮ કુંડી સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પાલનપુર ખાતે મહિલા સંમેલન યોજાયું હતું. જેમાં પાંચ હજારથી વધુ મહિલાઓ હાજર રહી આ યજ્ઞની તૈયારી સહિતનાં કામોની જવાબદારી નિભાવવાની તૈયારી દર્શાવી અનોખી પહેલ કરી છે. બનાસકાંઠા જિલ્લા આંજણા ચૌધરી સમાજ દ્વારા માં અર્બુદાનાં મંદિરનાં રજત જયંતિ મહોત્સવની ત્રી-દિવસીય ઉજવણી કરવામાં આવનાર છે. આ ધાર્મિક મહોત્સવનો પ્રારંભ તા.૩ ફેબ્રુઆરીના શરૂ થશે. જેમાં પ્રથમ દિવસે મંગલાચરણ યજ્ઞનો સહિતના ધાર્મિક પ્રસંગો યોજાશે. તા.૪ ફેબ્રુઆરી ના બીજા દિવસે પાવનકારી પ્રસંગો અને તા.૫ ફેબ્રુઆરી ના ત્રીજા દિવસે આનંદ કારી ધાર્મિક કર્યો કરવામાં આવશે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,ત્રી-દિવસીય મહોત્સવમાં સમગ્ર દેશમાંથી દશ લાખ જેટલા લોકો આવનાર છે. ત્યારે અર્બુદા માતાજીનાં ૧૦૮ કુંડી સહસ્ત્ર ચંડી યજ્ઞને લઈ તમામ તૈયારીઓ હાથ ધરાઈ છે. ત્યારે ચૌધરી સમાજની બહેનોનું મહિલા સંમેલન યોજાયું હતું. જેમાં પાંચ હજાર થી વધુ મહિલાઓએ હજાર રહી આ યજ્ઞ માટે યજ્ઞ શાળાની તમામ જવાબદારી નિભાવવા માટે તૈયારી દર્શાવી હતી.લાલાવાડા ખાતે તા. ૩, ૪ અને ૫ ફેબ્રુઆરીના રોજ યોજાનાર ત્રી- દિવસીય યજ્ઞમાં પહેલીવાર આ યજ્ઞ શાળામાં મહિલાઓ છાણથી આ યજ્ઞ શાળા તૈયાર કરશે. તે સિવાય આ યજ્ઞમાં પુરુષો સાથે તમામ તૈયારીઓની જવાબદારી સાથે પાંચ હજાર મહિલા ઓ ખડે પડે રહી મહોત્સવમાં વિવિધ સેવા આપશે.

મોડાસા ઘાંચી હાઈસ્કૂલ મંડળમાં પ્રમુખ તરીકે રાજબાબુની હેટ્રીક

મોડાસા શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા ધી મોડાસા ઘાંચી એજ્યુકેશન & સો.વે. ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભમાં હોદ્દેદારો અને સભાસદોએ સિકંદરભાઈ.વાય.સુથાર (રાજાબાબુ)ની પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવતા પ્રમુખ તરીકે હેટ્રિક નોંધાવી હતી તેમજ મો.હનીફ.એસ.સીધવા બીજી ટર્મ માટે સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી હતી સભાસદોએ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.